# ઉજ્જીવન ફાઈનાન્શિયલનો યઆઈપીઓ ૨૮ એપ્રિલે ખુલશે: પ્રાઈઝ બેન્ડ ₹૨૦૭થી ₹૨૧૦



ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસસી લિમિટેડ નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની - માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન છે, જેણે ૨૦૦૫ નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની તરીકે કામગીરી શરૂ કરી હતી. કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ રોજ ખુલશે અને ૦૨ મે, ૨૦૧૬ રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ ₹૧૦ ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ ₹૨૦૭ ₹૨૧૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફરનો સમયગાળો બિડ/ઓફર ઓપનિંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ, ૨૦૧૬ રોજ રહેશે.

કંપનીના મે.ડીરે.શ્રી સમીત ઘોષે માહિતી આપતા જણાવ્યું હતું કે, આઈપીઓમાં કંપનીના કુલ ₹૩,૫૮૧.૬૧ મિલિયનના નવા ઈક્વિટી શેર ઈશ્યૂ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફઆઈએફ, એમયુસી, સર્વ કેપિટલ, ડબલ્યુસીપી અને ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૬૮,૩૩૨ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ".ઈશ્યૂ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ ₹૨,૯૧૮.૩૯ મિલિયનનું મૂલ્ય ધરાવતા ૧૪,૨૩૬,૦૫૭ ઈક્વિટી શેરનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કર્યું છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઈઝમાં ₹૬,૫૦૦ મિલિયન મુજબ ઘટાડો થયો છે.

બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે કરવામાં આવેલી ઓફરમાં ઓફરનો ૫૦ ટકા હિસ્સો પ્રમાણસર આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઈબી પોર્શને)ને ફાળવવામાં આવશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપની અને વિક્રેતા શેરધારકો વિવેકને આધારે એન્કર રોકાણકારોને એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર ક્યુઆઈબી પોર્શનને ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે (એન્કર ઈન્વેસ્ટર પોર્શને). એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો ઓછામાં ઓછો ૩૩ ટકા હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે, જે એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર કે તેનાથી વધારે કિંમત પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સને આધિન છે.

ઓફરના બીઆરએલએમ કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે, જ્યારે કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ ઓફરના રજિસ્ટ્રાર છે.

કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.